**સ્પે.એટ્રો. કેસ નંબરઃ– ૧૫/૨૦૧૯**
**આંક –37**

| સ્પે.એટ્રો. કેસ નંબરઃ– ૧૫/૨૦૧૯ | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | ૦૮ | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| મારુ નામ | વેરશીભાઈ કાંતીભાઈ પરમાર(અનુસુચિત જાતી) | | | |
|---|---|---|---|---|
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નં બર | 9924813177 |
| ઉંમર આશરે | ૩૨ | વરસની | ધંધો | વેપાર |
| રહેવાનુ | થાવર તા.ધાનેરા | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | સ્પે.પી.પી.શ્રી | એસ.કે.જોષી. |

(૧) હું થાવર ગામમાં વડાલાની સામે વીરહનુમાન નામની દુકાન ચલાવી વેપાર ધંધો કરૂ છુ. અમો છ ભાઈ બહેનો છીએ, જેમાં સૌથી મોટી સુરેખાબેન તેનાથી નાનો ભરતભાઈ તેનાથી નાનો હું મારાથી નાની રમીલાબેન અને તેનાથી નાનો મુકેશભાઈ અને સૌથી નાની આશાબેન છે.

(૨) તા.૧૯/૪/૧૯ના રોજ બપોરના સમયે હું મારી વીરહનુમાન કરીયાણાની દુકાન ઉપર હાજર હતો. તે સમયે અમારા ગામના મુકેશભાઈ રીક્ષા લઈને આવેલા. તે સમયે પાછળથી ચાર થી પાંચ જણા ધોકા અને લાકડીઓ લઈને આવેલા અને મુકેશભાઈને માર મારવા લાગેલ હતા. ત્યારબાદ તેઓને મે જઈને છોડાવેલા. આ જે ચાર પાંચ વ્યકિતઓ આવેલા તેમાં નારણભાઈ ભેમાભાઈ ભુરીયા તેમના હાથમાં લાકડી હતી તે મુકેશભાઈને મારેલી, મુકેશભાઈ માલોતરાના છે તેઓના હાથમાં લાકડી હતી તે મુકેશભાઈને મારેલી, નરસિંહભાઈ વનાભાઈ મુકેશભાઈને ગડદાપાટુનો માર મારતા હતા, નવીનભાઈ માલોતરાના હતા અને તેમણે નરસિંહભાઈ

સાહેદની સહી.............................

નાનજીભાઈ પરમારને પાછળ ભાગે ધોકો મારેલ હતો અને તેઓ એકટીવા લઈને આવેલા અને તેઓ ભુંડી ભુંડી ગાળો બોલતા હતા અને જાતી અપમાનીત શબ્દો બોલતા હતા. તે સમયે હું તથા મહેન્દ્રભાઈ ખેમશીભાઈ, હિતેશભાઈ લાખાભાઈ, કિરણભાઈ ગણેશાભાઈ, અજમલભાઈ રખાભાઈએ આ લોકોને છોડાવેલા અને આ સમયે હું મુકેશભાઈને છોડાવા જતો હતો તે સમયે નારણભાઈ ભેમાભાઈ ભુરીયાએ મને માથાના ભાગે લાકડી મારેલી અને જણાવેલ કે તને જોઈ લઈશ તારે ફરીયાદ કરવી હોય તો કરી લેજે. બનાવ સબંધે ફરીયાદ નરસિંહભાઈ નાનજીભાઈ પરમારે આપેલી. બનાવ સબંધે પોલીસે મારુ નિવેદન લીધેલું.

આરોપીઓ નામ.કોર્ટ હાજર છે, તેઓને હું ઓળખુ છું.

મને મુદામાલમાં લાકડીઓ બતાવવામાં આવે તો હું ઓળખી શકું.

મને નામ.કોર્ટની કસ્ટડીમાંથી મુદામાલ આર્ટીકલ નં.૧ ધોકો બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે આ ધોકો બનાવ સમયે હતો નહી પરંતુ આનાથી મોટો ધોકો હતો.

**સરતપાસ પુરી...**

**આરોપીઓ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી. ડી.પી.ચૌધરી....**

(૩) એ વાત ખરી છે કે થાવર ગામના બસસ્ટેશનથી ચાર સો પાંચ સો મીટર દુર જઈએ એટલે ગામની શાળા આવે છે અને તે શાળાથી આગળ જઈએ તો બસ્સો-ત્રણસો મીટર જઈએ તો ડેરીવાળો રોડ આવે છે અને વડલાની સામે શંકર ભગવાનનું મંદિર અને જુનો કુવો આવેલ છે અને એક રસ્તો જુના ગામના ચોટા તરફ નીકળે છે. એ વાત ખરી નથી કે વડલાની બાજુમાં કોઈ લાઈનસર દુકાનો આવેલી નથી. એ વાત ખરી છે કે બનાવના અરસામાં ગામમાં લગ્નગાળો હતો. એ વાત ખરી છે કે નરસિંહભાઈ

સાહેદની સહી............................

નાનજીભાઈ મારા કાકા થાય છે અને હિતેશભાઈ અને મહેન્દ્રભાઈ મારા કુટુંબીઓ થાય છે. એ વાત ખરી છે કે બનાવના દિવસે અમારા મહોલ્લામાં લગ્નગાળો હતો અને મારી દુકાનથી અમારો મહોલ્લો આવેલ છે અને અમારા મહોલ્લામાં દુકાન આવેલ છે. મુકેશભાઈને અને નરસિંહભાઈને મફાભાઈ જીવાભાઈના ખેતર પાસે માથાકુટ થયેલી તેની મને ખબર નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મને પાછળથી જાણવા મળેલું. એ વાત ખરી છે કે ગૌચરમાંથી મફાભાઈ જીવાના ખેતરમાં જવાનુ નેળીયુ શરૂ થાય છે. એ વાતની મને ખબર નથી કે મફાભાઈ જીવાના ખેતર પાસે લગ્ન ગાળો ચાલતો હોવાથી નેળીયામાં વાહનોની અવર જવર રહેતી હતી. એ વાત ખરી છે કે હું સવાર સાત વાગ્યે દુકાન ખોલુ છુ અને રાતે આઠ વાગ્યા સુધી દુકાન ખોલી રાખુ છું. એ વાત ખરી નથી કે લગ્નગાળો હોવાથી મારી દુકાનમાં ગરાગી વધારે હતી. એ વાત ખરી છે કે બનાવ બન્યો તે સમયે હું મારી દુકાને હતો.

(૪) એ વાત ખરી છે કે નરસિંહભાઈએ ફરીયાદ દાખલ કરી ત્યારે હું સાથે ન હતો. એ વાત ખરી છે કે બનાવ સમયે ઘણા માણસોનું ટોળુ ભેગુ થયેલું. એ વાત ખરી નથી કે બનાવ સબંધે પોલીસે મારો જવાબ લીધેલો. બનાવના બે દિવસ પછી પોલીસે મારો જવાબ લીધેલો. એ વાત ખરી છે કે પોલીસે મારુ નામ ઠામ પુછેલુ અને શું ધંધો કરો છો તે પુછેલુ બીજુ કંઈ પુછેલુ નહી. એ વાત ખરી છે કે '' નવીનભાઈ માલોતરાના હતા અને તેમણે નરસિંહભાઈ નાનજીભાઈ પરમારને પાછળ ભાગે ધોકો મારેલ હતો અને તેઓ એકટીવા લઈને આવેલા અને તેઓ ભુંડી ભુંડી ગાળો બોલતા હતા અને જાતી અપમાનીત શબ્દો બોલતા હતા. તે સમયે હું તથા મહેન્દ્રભાઈ ખેમશીભાઈ, હિતેશભાઈ લાખાભાઈ, કિરણભાઈ ગણેશાભાઈ, અજમલભાઈ રખાભાઈએ આ લોકોને છોડાવેલા અને આ સમયે હું મુકેશભાઈને છોડાવા જતો

સાહેદની સહી...............................

હતો તે સમયે નારણભાઈ ભેમાભાઈ ભુરીયાએ મને માથાના ભાગે લાકડી મારેલી અને જણાવેલ કે તને જોઈ લઈશ તારે ફરીયાદ કરવી હોય તો કરી લેજે. ''આ હકીકત મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ નથી. એ વાત ખરી નથી કે ફરીયાદી તથા ઈજાપામનાર મારા કુટુંબી થતા હોય તેથી હું જુબાની આપવા માટે આવેલ છું. એ વાત ખરી છે કે મે કયાંય પણ દવાખાને સારવાર લીધેલી નથી.

**વિશેષ ઉલટતપાસ નથી.**

**ફેર ઉલટતપાસ નથી.**

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

.........................................
સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૨૭/૦૧/૨૦૨૬ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>એટ્રો.સ્પેશ્યલ જજ, ડીસા |

સાહેદની સહી.............................